જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૦/૦૩/૨૦૧૯ રવિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૪૪૭/૧૯**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૬ કેસ કરી, ૫૮ વ્યક્તિઓને ઝડપી, ૧૫૧ લીટર દેશી દારૂ, ૫૯૩ બોટલ ઇંગ્લીશ દારૂ, ૨૬૮ બિયર ટીન, ૦૧ ડમ્પર, ૦૧ સ્કુટર અને ૦૧ મોટર સાયકલ કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૦૭ કેસ કરી ૨૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૫,૧૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૪૪૮/૧૯**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૪૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાત અને છેતરપીંડી :-** **સમાચાર યાદી નં.૪૪૯/૧૯**

**સોલા હાઇકોર્ટ** : **(૧)** સુભમ હરીશભાઇ પરીખ (રહે. પાર્શ્વનાથનગર જનતાનગર ચાંદખેડા) એ તા.૦૯/૦૩/૨૦૧૯ ના રોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૨/૦૧/૧૯ થી તા.૦૭/૦૩/૧૯ બપોરના ૧/૩૦ સુધીના સમયગાળા દરમ્યાન સોલા સતાધાર ચાર રસ્તા એચ.ડી.એફ.સી બેંકની ઉપર શાંતીમોલ ઓફિસ નંબર-૪૧૧ ખાતે આવેલ “એસીયોર મેનેજમેંટ કંસલ્ટન્સી” ના મેનેજર મનીષભાઇ તથા માલીકે ભેગામળી સુભમ ને વિશ્વાસમાં લઇ, તેઓના તેમજ તેમની પત્ની અને બહેન ના વિઝા મેળવવા સારૂ ચુકવેલ કુલ રૂપિયા ૭૩,૦૦૦/- મેળવી લીધા બાદ વિઝા કેન્સલ થતા પૈસા પરત માંગતા, પૈસા પરત નહી ચુકવી છેતરપિંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.જે.હુણ ચલાવે છે.

**સોલા હાઇકોર્ટ** : (૨) ચિરાગભાઇ સુરેશચંદ્ર પટેલ (રહે. સુરસાગર એપાર્ટમેન્ટ સતાધાર ચાર રસ્તા પાસે કલાસાગર મોલની નજીક ઘાટલોડીયા) એ તા.૦૯/૦૩/૨૦૧૯ ના રોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૦/૦૧/૨૦૧૯ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન એન.આઇ.ટી ફરીદાબાદ ખાતેની “SHOP4U INDIA ENTERAPRISES” નામની કંપનીના લાગતા વળગતા જવાબદાર કર્મચારીઓએ ભેગામળી ચિરાગભાઇના મોબાઇલ ફોન ઉપર ફોન કરી “ઓનલાઇન પ્રમોશનલની સ્કીમમાં મીનીમમ ૩૯૯/- રૂપિયા નું ઓનલાઇન શોપીંગ કરીને શોપીંગના જી.એસ.ટી. ના પૈસા ભરીને, સોની કંપનીનુ એલ.ઇ.ડી ૪૩ ઇંચ નુ ટીવી ફ્રી માં મળશે” તેમ જણાવી જી.એસ.ટી. પેટે રૂપિયા ૧૦,૯૮૯/- એડવાન્સ માં મેળવી લઇ, તેમજ ઇન્સ્યોરન્સના રૂપિયા ૧૮,૭૮૬/- મળી કુલ રૂપિયા ૨૯,૭૭૫/- મેળવી લઇ, એલ.ઇ.ડી. ટી.વી. નહી આપી, ચિરાગભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.જે.હુણ ચલાવે છે.

**સાયબર ક્રાઈમ** : ઉર્મિલાબહેન મહેશભાઇ ઠાકર (રહે.વિશાલનગર ૧૩૨ ફુટ રોડ ઇસનપુર) એ તા.૯/૩/૧૯ નારોજ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૦/૦૧/૧૯ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન Olx ઉપર Raaj નામની પ્રોફાઇલ આઇ.ડી. બનાવનાર અજાણી વ્યક્તિએ પોતાની મારુતિ વેગેનઆર ગાડી નંબર જીજે.૨૭.બી.એસ.૩૯૭૦ વેચાણ સારૂ urmil thaakor નામની આઇડી ઉપર મુકેલ જે અન્વયે મોબાઇલ નંબર ૯૭૨૨૯૩૩૯૧૫ ઉપર થી આરોપી એ "પોતે જેસલમેર આર્મીમાં ફરજ બજાવુ છું" તેમ જણાવી વેગેન આર ના ફોટા, રજીસ્ટેશન, ઇન્સ્યોરન્સ ના કાગળો, એન.ઓ.સી. મેળવી, આરોપી એ olx ઉપર Raaj નામની પ્રોફાઇલ બનાવી આ ગાડી વેચવા મુકી જુદી-જુદી વ્યક્તિઓ પાસેથી અલગ-અલગ નાણા મેળવી તથા ચંદુભાઇ નામની વ્યક્તિ પાસે થી ગુગલ પે થી રૂપિયા ૨,૩૦,૦૦૦/- મેળવી તથા ગાડી ના વેચાણકાર તરીકે ઉર્મિલાબહેન ના નામનુ કેંટીન કાર્ડ બનાવી પાન કાર્ડ, આધારકાર્ડનો દુર ઉપયોગ કરી ઉર્મિલાબહેન સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વી.બી બારડ ચલાવે છે.

**ચોરી :-** **સમાચાર યાદી નં.૪૫૦/૧૯**

**શહેરકોટડા** : જગદીશભાઇ શંકરલાલ ગંગવાણી (ઉ.વ.૩૦)(રહે.ઓલ્ડ જી વોર્ડ, ગુલશન પાર્ટી પ્લોટ, માયા સિનેમા રોડ, પરેશ ફ્લેટ પાસે, કુબેરનગર) તા.૦૯/૦૩/૨૦૧૯ બપોરના ૨/૦૦ થી ૨/૧૫ વાગ્યા દરમ્યાન નરોડા પાટીયા થી મેમ્કો સુધીની ઓટોરીક્ષાની મુસાફરી દરમ્યાન ઓટોરીક્ષા ચાલક તથા રીક્ષામાં બેસેલ ત્રણ પેસેન્જરો એ ભેગામળી જગદીશભાઇની નજર ચૂકવી તેમના પેન્ટના ખીસ્સામાં મુકેલ રોકડ રૂપિયા ૭૫,૨૦૦/- ચોરી કરી લઇ ગયા છે. આ અંગેની ફરીયાદ જગદીશભાઇ ગંગવાણી એ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.એલ.જેબલીયા ચલાવે છે.

**દાઝી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૪૫૧/૧૯**

**ઇસનપુર** : પ્રિતમદાસ ભગુડામલ ચંદાણી (ઉ.વ.૭૫)(રહે.ચંદ્રલોક સોસાયટી, કેડીલા ઘોડાસર) તા.૪/૩/૧૯ બપોરના ૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પુજાપાઠ કરતા હતા દરમ્યાન દિવા ની વાટ થી કપડે આગ લાગતા દાઝી જતા, સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલમાં દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૮/૦૩/૨૦૧૯ સાંજના ૪/૪૫ વાગે ફરજ પરના ડો.શ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે ઇસનપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ. શ્રી એન.જે. મારૂ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૪૫૨/૧૯**

**શાહપુર** : મિલન સંજયભાઇ ભાવસાર (ઉ.વ.૨૧)(રહે.પ્રજાપતી નું ડેહલુ પરબડીની પોળની સામે હલીમની ખડકી શાહપુર) એ અગમ્ય કારણસર તા.૯/૩/૧૯ સાંજના ૭/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે સીલીંગના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે શાહપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એન.કે.ડામોર ચલાવે છે.

**નરોડા** : નીશીત રમેશભાઇ ગજ્જર (ઉ.વ.૨૨)(રહે.દેવ આશિષ-૨, હંસપુરા નરોડા) એ અગમ્ય કારણસર તા.૯/૩/૧૯ ના કલાક ૬/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ નરોડા પોલીસ ચલાવે છે.

**દાણીલીમડા** : સમસુદ્દીન જુમાભાઇ મોલા (ઉ.વ.૩૦)(રહે.અલીપુર પશ્ચિમ બંગાળ) એ અગમ્ય કારણસર તા.૭/૩/૧૯ બપોરના ૧/૩૦ વાગ્યાના સુમારે દાણીલીમડા છીપા સોસાયટી ખાતે કોઇ ઝેરી પદાર્થ પી લેતા, સારવાર અર્થે તેમને વા.સા.હોસ્પિટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં તા.૯/૩/૧૯ ના કલાક ૦૦/૪૫ વાગ્યે ફરજ પરના ડો.શ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એન.પી. ગરાસીયા ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.